**ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ**
પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ
સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : www.pgvcl.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૦૧/૨૦૨૪-૨૫ / No 1 2 1 તા. 18 JUN 2024

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
જમનાદાસ મેઘજી કલોલા
મું. ખોરસા ગીર
તા. માળીયા હાટીના
જી. :જુનાગઢ, પીનકોડ : ૩૬૨૨૪૫ મોબાઈલ : ૮૦૦૦૧૧૭૯૧૦

**વિષય : ચોરવાડ સબ ડિવિ. માં માંગેલ વીજ જોડાણ બિન જરૂરી સમય કરતા વધારે સમય લેવા બાબત.**
**સંદર્ભ : જમનાદાસ મેઘજી કલોલા ની રજુઆત મળ્યા તારીખ: ૦૮.૦૪.૨૦૨૪**
(અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૪/ક્વા-૦૧/૨૦૨૪-૨૫)

**મહોદયશ્રી,**

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
**નકલ સાદર રવાના :**

**(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, પોરબંદર**

**(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, માંગરોળ**

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

**(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, ચોરવાડ**

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧
website : forumjunagadh.pgvcl@gebmail.com
CIN:U40102GJ2003SGC042908

પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૪/ક્વા-૧/૨૦૨૪-૨૫/ No 121 તા. 18 JUN 2024

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૦૪/ક્વા-૧/૨૦૨૪-૨૫**

અરજદાર: શ્રી જમનાદાસ મેઘજી કલોલા, ગામ – ખોરાસા ગીર
સબડીવીઝન: ચોરવાડ

### :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી, માંગરોળ,

### :: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | : શ્રી એન.સી.મકવાણા |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : શ્રી વી.જી.મારકણા |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી, જુનાગઢ
તારીખ: ૨૦-૦૫-૨૦૨૪ (સોમવાર)

### :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે, અમે ચોરવાડ સબ ડિવીઝન નીચેના ખોરાસા(ગીર) ગામે ખેતીવાડીનું વિજ્જોડાણની માંગણી કરેલ જેમનું સર્વે કરી અમોને તા.૨૩-૧૧-૨૦૨૩ ના રોજ કોટેશન અમોએ સમય રહેતે ભરેલ (જેમની પહોંચ આ સાથે જોડેલ છે) તેમ છતાં લગભગ છ મહિના થયા છતાં અમોને વિજ જોડાણ મળેલ નથી જ્યાં સુધી અમોને જાણવા મળેલ છે કે મારા કોટેશન પછીના કોટેશનના વિજ્જોડાણ મળી ગયા પણ અમોને મળેલ નથી અમે રૂબરૂ (મૌખિક) ઘણી રજૂઆત કરેલ પણ અમોને ઓફિસેથી મટીરીયલ નથી તેવા જવાબ આપે પણ અમોને જાણવા મળેલ કે મારા કોટેશન પછીના ઘણાં વિજ્જોડાણ અપાયેલ છે આપ શ્રી પી.જી.વી.સી.એલ. ચોરવાડ ઓફિસના ડેટા

તપાસ કરી આપશ્રી યોગ્ય પગલાં લેશો એવી અપેક્ષા.આપ સાહેબશ્રીને વિનંતી છે કે હાલ મારે મારી ખેતીની જમીનમાં નાળિયેરીના બગીચો હોવાથીને બોર પર વિજજોડાણની માંગણી હોવાથી મારે અત્યારે વિજજોડાણની ખાસ જરૂર હોવાથી આપશ્રી આ બાબતમાં તત્કાલ કોઈ નિર્ણય લેશો તેવી અપેક્ષા. આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદાર શ્રી જમનાદાસ મેઘજી કલોલા રે. ખોરાસા ગીર ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ચોરવાડ હેઠળ સર્વે નંબર ૩૬૦/૧ માં શ્રી જમનાદાસ મેઘજી કલોલા ના નામે નવા ખેતીવિષયક વીજ જોડાણ અર્થે અરજી કરવામાં આવેલ હતી ત્યારબાદ તેને નિયમોનુસાર વારો આવતા તેનું ભાવપત્રક તા. ૨૩.૧૧.૨૦૨૩ થી ભરવામાં આવેલ હતું. અને તા. ૦૮.૦૪.૨૪ ના રોજ સીજીઆરએફ માં ફરિયાદ કરવામાં આવેલ હતી. અને તા. ૧૪.૦૪.૨૦૨૪ ના રોજ સદર અરજદારનું વીજ જોડાણ માટે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી મીટર લગાડી પાવર ચાલુ કરવામાં આવેલ છે.

૨.૧ સદર બાબતે ચોરવાડ પેટા વિભાગીય કચેરીએ અરજદારશ્રી ના સ્થળ મુલાકાત કરી અને નવું ખેતી વિષયક વીજ જોડાણ ચાલુ કરી આપેલ જેથી અરજદારશ્રી ને હવે કોઈ ફરિયાદ રહેતી નથી તેથી સીજીઆરએફ સમક્ષ કરેલ રજૂઆત અન્વયે હવે કઈ કરવાનું રહેતું નથી સદર બાબતે કોઈ ફરિયાદ નથી અને સમાધાન પુરસિસ તારીખ ૧૯.૦૫.૨૦૨૪ ની રજુ કરેલ છે. જેથી ગ્રાહક ને તેની ફરિયાદનો સંતોષકારક રીતે સમાધાન થતાં તા. ૧૯.૦૫.૨૦૨૪ ના રોજ સમાધાન પત્રક માં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

૩.૦ અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૧ મુજબ પીજીવીસીએલ કંપનીની ચોરવાડ પેટા વિભાગીય કચેરી દ્વારા ફરીયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ માંગરોળ વિભાગીય કચેરી દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા. ૧૯.૦૫.૨૦૨૪ થી રજુ કરેલ હોય ફોરમ કક્ષાએથી આ અરજી દફતરે કરવાનો નિર્ણય લીધેલ છે.

૩.૧ આમ ફોરમ દ્વારા અરજદારશ્રી ની કંપની ફરિયાદ અન્વયે કઈ કરવાનું રહેતું ન હોય અરજદારશ્રી ની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

૩.૨ આ સાથે અરજદારશ્રી ની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી વી.જી.મારકણા | શ્રી એન.સી.મકવાણા |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |